# BUSINESS મિત્ર

### શેરબજારમાં નવો નિયમ અને ક્રૂડનો ડબલ ડોઝ: રોકાણકારોના 3 લાખ કરોડ ધોવાયા

# નવી સિસ્ટમની અનિશ્ચિતતા વચ્ચે સેન્સેક્સ હાઇથી ૯૦૦ પોઇન્ટ ગબડ્યો

**ગ્લોબલ** રિકવરી છતાં ભારતીય માર્કેટમાં સાર્વત્રિક વેચવાલી; મિડકેપ અને રિયલ્ટી સેક્ટરે ડૂબાડ્યા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 4:** ભારતીય શેરબજારમાં ગઈકાલથી ક્લોઝીંગ ઓકશન સેશનની નવી સીસ્ટમ શરૂ થતા બજારમાં ઘણી અનિશ્ચિતતા છે. જેથી શેરદલાલોએ રિટેઈલરોને પણ એલર્ટ કર્યા છે. તેની અસર સતત બીજા દિવસે જોવા મળી હતી. જેમાં ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થવાના કારણે દબાણ વધી ગયું હતું. આ દબાણના કારણે ઈન્ટ્રાડેમાં હાઈથી 900 પોઈન્ટથી વધુ લપસી રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ 24450ની નીચે આવી ગયો હતો. જોકે, વ્યાપક સ્તરે સ્મોલકેપ સ્પેસમાં રીકવરી જોવા મળશે. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ રીકવર થયો નહતો અને લગભગ અડધા ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો., પરંતુ નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ સહેજ ઘટાડાથી રીકવર થયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, આઈટી અને પ્રાઈવેટ બેન્કીંગ સેકટરે દબાણ સર્જ્યું હતું, જેના કારણે બેન્ક નિફ્ટીમાં અડધા ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2 ટકાથી વધુ નબળી પડી છે. મેટલ સેકટરે ચોક્કસ બજારને સંભાળવાનો પ્રયાસ કરાયો હતો, પણ નિષ્ફળ નીવડ્યો હતો.

આરબીઆઈની નાણાકીય નીતિના નિર્ણય પહેલા રોકાણકારો સાવચેત રહ્યા હોવાથી સુચકાંકો આજે મોટા નુકશાન સાથે સમાપ્ત થયા હતા. જોકે, આ વખતે પણ આરબીઆઇ વ્યાજદરમાં કોઇ ફેરફાર કરે તેવું લાગી રહ્યું નથી.

ભારતીય શેરબજારમાં મિડકેપ શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું અને તેના લીધે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 3 લાખ કરોડ ઘટ્યું હતું, એટલે કે રોકાણકારોને રૂ. 3 લાખ કરોડનું નુકશાન થયું હતું. આમ, ભારતીય શેરબજારમાં માર્કેટ કેપ રૂ. 492 લાખ કરોડથી ઘટીને રૂ. 489 લાખ કરોડ પર પહોંચ્યું છે.

બીએસઈ સેન્સેક્સ 210.08 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 78428.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 79143 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78211 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 159.40 પઈન્ટ એટલે કે 0.64 ટકા ઘટીને 24614.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24703 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24427 પોઈન્ટ સુધી ઘટી હતી.

બેન્ક નિફ્ટી 340.75 પોઈન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 57907.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ગ્રેટ ઈસ્ટર્ન શીપીંગમાં 22.46 ગણા, ઈન્વેન્ચર્સ નોલેજ સોલ્યુશન્સમાં 16.21 ગણા, વેલસ્પન કોર્પમાં 8.78 ગણા, પિરામલ ફાઈ.માં 8.36 ગણા, અને એલઆઈસીમાં 7.63 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એલઆસીમાં 29.25 ગણા, ગ્રેટ ઈસ્ટર્ન શીપીંગમાં 19.82 ગણા, કેઈઆઈ ઈન્ડ.માં 12.2 ગણા, સારેગામા ઈન્ડિયામાં 7.44 ગણા અને એથર એનર્જીમાં 7.35 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નજીવો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.03 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.27 ટકા વધ્યો છે. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 2122 શેરો વધ્યા હતા. જ્યારે 21212 શેરો ઘટ્યા હતા અ 189 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.39 ટકા ઘટ્યો હતો. જેમાં પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેક્ટસ, ઓબેરોય રિયલ્ટી, ડીએલએફ, ગોદરેજ પ્રોપર્ટીઝ, શોભા, બ્રિગ્રેડ એન્ટર, એબી રિયલ એસ્ટેટ, ફોનીક્સ મીલ્સ અને લોઢા ડેવલપર્સ ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે રાજદ્વારી જડાણના સંકેતો અને વાર્તાલાપ ચાલુ છે, જેથી તણાવ ઘટવાની સંભાવના રહેતા યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. જ્યારે મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.49 ટકા, કેક 0.37 ટકા અને ડેક્સ 0.85 ટકા સુધારા સાથે આગળ વધી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.35 ટકા, સ્ટ્રેઈટસ સપાટ, કોસ્પી 1.60 ટકા, જકાર્તા 1.35 ટકા અને શાંઘાઈ 0.33 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.60 ટકા, તાઈવાન 0.06 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો નજીવો ઘટ્યો

ક્રુડ ઓઇલના ભાવમાં ફરીથી સુધારો જોવાયો હતો અને આ સુધારાના પગલે ડોલરમાં ધીમો સુધારો જોવા મળ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 3 પૈસા ઘટીને 95.38ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.35ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.63, પાઉન્ડ 128.89, કેનેડિયન ડોલર 68.12, ઓસ્ટ્રેલિયન ડોલર 66.76, જાપાનીઝ યેન 0.6051, સીંગાપોર ડોલર 74.51ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.38 રૂ. |
| યુરો | 109.63 રૂ. |
| પાઉન્ડ | 128.89 રૂ. |
| યેન | 0.6051 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -210.08 | 78428.95 |
| નિફ્ટી | -159.40 | 24614.90 |
| બેન્ક નિફ્ટી | -340.75 | 57907.20 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 2.61 | 9050.00 |
| હિન્દાલ્કો | 2.52 | 1020.00 |
| ટ્રેન્ટ | 1.89 | 3107.70 |
| જિયો ફાઇનાન્સીયલ | 0.76 | 265.00 |
| આઇટીસી | 0.70 | 289.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ગ્રાસીમ ઇન્ડ. | 3.74 | 3138.00 |
| એચડીએફસી લાઇફ | 3.10 | 535.95 |
| બજાજ ઓટો | 2.15 | 11600.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.132 | 1290.90 |
| મેક્સ હેલ્થકેર | 2.13 | 1077.00 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.15 | 3070.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.58 | 3405.00 |
| ટાટા સ્ટીલ | 0.58 | 190.20 |
| બજાજ ફિનસર્વ | 0.55 | 2076.40 |
| સન ફાર્મા | 0.51 | 1960.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 1.70 | 2084.00 |
| એનટીસીપી | 1.63 | 341.95 |
| એચડીએફસી બેન્ક | 1.48 | 739.95 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.22 | 1293.00 |
| ઇન્ટરગ્લોબ | 1.09 | 5330.00 |

# જાપાન-કોરિયાના બજારોમાં બેઉતરફી વધઘટ

**એમેઝોનનું** માર્કેટ કેપ પ્રથમ વખત 3 ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું

નવી દિલ્હી, તા. 4: વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ રોજબરોજ બદલાતો જોવા મળી રહ્યો છે. એક તબક્કે બંને વચ્ચે સુલેહની વાત આવે છે, તો બીજા તબક્કે બંને દેશો વચ્ચે તણાવ વધવાના અહેવાલથી માહોલ બગડે છે. જેના લીધે આજે એશિયન બજારોમાં ખાસ કરીને જાપાન અને કોરિયાના બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જોકે પાછળથી એશિયાના મોટા ભાગના બજારો રીકવર થઈને પોઝિટિવ બંધ રહ્યા હતા.

ઈરાન ડીલની અપેક્ષામાં ગઈકાલે અમેરિકન બજારોમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. ડાઉ રેકોર્ડ ઉંચી સપાટીએ બંધ થયો. નાસ્ડેક પણ ટેક શેરોની પાછળ 2 ટકા વધ્યો હતો. 10 વર્ષના બોન્ડ યીલ્ડમાં થોડો ઘટાડો થયો હતો. જાપાન અને કોરિયાના બજારોમાં ઘટાડો જોવાયો હતો. નીક્કી 0.66 ટકા અને કોરિયાનો કોસ્પી 0.49 ટકા ઘટયો હતો. જોકે, હેંગસેંગ 0.49 ટકા ઘટ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ડાઉ જોન્સ રેકોર્ડ ઉંચા સ્તરે બંધ થયા હતા. ટેક શેરોએ આ ઉછાળામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. એમેઝોનનું માર્કેટ કેપ પ્રથમવાર 3 ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે. ટ્રેડિંગ સેશન દરમ્યાન એનવીડિયા, મેટા પ્લેટફોર્મ્સ, આલ્ફાબેટ અને માઈક્રોસોફ્ટના શેરમાં પણ સારો વધારો નોંધાયો હતો.

આજરોજ ક્રુડ ઓઈલના ભાવમાં ધીમો સુધારો જોવાયો હતો. પાછલા સત્રમાં ભાવમાં ભારે ઘટાડો થયો હતો. આગામી મહિના માટે બ્રેન્ટ ક્રુડ વાયદો 0.7 ટકા વધીને 84.39 ડોલર પ્રતિ બેરલ થયો હતો.

# LICમાં સરકાર વેચશે ૬.૫% હિસ્સો

**10.85 ટકા** ડિસ્કાઉન્ટ એટલે કે રૂ. 382ના ફ્લોર પ્રાઇસથી હિસ્સો વેચશે

**સરકાર** રૂ.૩૧,૪૧૦ કરોડ એકત્ર કરશે

મુંબઈ, તા. 4: ભારત સરકારે એલઆઈસીમાંથી તેમનો 6.5 ટકાનો હિસ્સો ઓએફએસ દ્વારા વેચાણ કરશે. જેના માટે ગત સેશનનો બંધ ભાવ રૂ. 428.50થી 10.85 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 382નો ફ્લોર પ્રાઇસ નક્કી કરવામાં આવ્યો છે.

જેના લીધે એલઆઈસીના ભાવમાં આજે 9 ટકા સુધીનો ઘાટાડો જોવાયો હતો. સરકારે જાહેરાત કરી છે કે, તે એલઆઈસીમાં 6.5 ટકા હિસ્સો બે દિવસની ઓફર ફોર સેલ દ્વારા શેરદીઠ રૂ. 382ના ફ્લોર પ્રાઈસે વેચશે. આજે નોન રિટેલ રોકાણકારો માટેનો હતો, જ્યારે આવતીકાલે રિટેલ રોકાણકારો માટે રહેશે. એલઆઈસીએ કહ્યું હતું કે, સરકાર પ્રથમ બેઝ ઓફર દ્વારા કંપનીમાં 2.5 ટકા હિસ્સો વેચશે. જો રોકાણકારોની મજબૂત માગ હોય તો સરકાર પાસે ગ્રીન શૂ ઓપ્શન દ્વારા વધારાનો 4 ટકા હિસ્સો વેચવાનો વિકલ્પ પણ છે. આનો અર્થ એ થયો કે સરકાર એલઆઈસીમાં કુલ 6.5 ટકા હિસ્સો વેચી શકે છે. જો સરકાર ઓવરસબસ્ક્રીપ્શન વિકલ્પનો ઉપયોગ કરે છે અને ઓએફએસ હેઠળ સમગ્ર 82 કરોડ શેરદીઠ રૂ. 382ના ફ્લોર પ્રાઇસના ભાવ વેચે છે, તો તે શેરના વેચાણથી લગભગ રૂ. 31410 કરોડ એકત્ર કરી શકે છે.

# જુલાઈમાં ખાદ્યતેલની આયાત 10 મહિનાની ઉંચી સપાટીએ પહોંચી

**પામતેલ** 7.33 લાખ મેટ્રિક ટન અને સોયાતેલ 5 લાખ ટનની આયાત

મુંબઈ, તા. 4: જુલાઈમાં ભારતની ખાદ્યતેલની આયાત 10 મહિનાની ટોચે પહોંચી છે, જેમાં પામતેલ, સોયાતેલની આયાત વધી છે. રિફાઈનરોએ તહેવારોની મોસમ પહેલા ઈન્વેન્ટરી ઊભી કરવા માટે પામ તેલ અને સોયાતેલની ખરીદીમાં વધારો કર્યો હતો, જ્યારે સ્થાનિક પુરવઠામાં ઘટાડો થયો હતો.

જુલાઈમાં પામ તેલની આયાત એક મહિના પહેલાની સરખામણીમાં 50 ટકા વધીને 7,33,000 મેટ્રિક ટન થઈ, જે પાંચ મહિનામાં સૌથી વધુ છે, તેમ ડૉલરો દ્વારા જાણવા મળ્યું છે.

જુલાઈમાં સોયાતેલની આયાત 32 ટકા વધીને 5,01,000 ટન થઈ, જે સાત મહિનામાં સૌથી વધુ છે, જ્યારે સૂર્યમુખી તેલની શિપમેન્ટ 4 ટકા વધીને 2,53,000 ટન થઈ હતી. આ આંકડાઓમાં પડોશી દેશ નેપાળથી જમીન માર્ગે આવતા ડ્યુટી-ફ્રી શિપમેન્ટનો સમાવેશ થતો નથી.

સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા ઓગસ્ટના મધ્ય સુધીમાં જુલાઈના આયાત ડેટા પ્રકાશિત કરશે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં આયાત ઓછી થયા પછી સ્ટોકમાં ઘટાડો થયો છે, પરંતુ રિફાઈનર્સ હવે આગામી તહેવારોની મોસમ દરમિયાન માંગને પહોંચી વળવા માટે ઈન્વેન્ટરીનું પુનર્નિર્માણ કરી રહ્યા છે. ઓગસ્ટ અને નવેમ્બર વચ્ચે ભારત શ્રેણીબદ્ધ તહેવારોની ઉજવણી કરશે, જ્યારે ખાદ્ય તેલની માંગ સામાન્ય રીતે ટોચ પર હોય છે.

ઓગસ્ટ અને સપ્ટેમ્બર બંને મહિનામાં સોયાતેલની આયાત 500,000 મેટ્રિક ટનથી વધુ થવાની સંભાવના છે કારણ કે ભાવ ખૂબ જ સ્પર્ધાત્મક છે.

"રેપસીડ અને સોયાબીનનું સ્થાનિક પીલાણ ઓછું થવાથી આયાતની માંગમાં વધારો થઈ રહ્યો છે, હોવાનું પણ બજાર સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું.

ભારત તેના મોટાભાગના પામ તેલનો સ્ત્રોત ઈન્ડોનેશિયા અને મલેશિયાથી મેળવે છે, જ્યારે સોયાતેલ અને સૂર્યમુખી તેલ મુખ્યત્વે આર્જેન્ટિના, બ્રાઝિલ, રશિયા અને યુક્રેનથી આયાત કરવામાં આવે છે.

## '૧૦૦% શુદ્ધ'નો દાવો ડાબરને ભારે પડ્યો

નવી દિલ્હી, તા. 4: ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ડાબર ઈન્ડિયા લિ. સામે કડક કાર્યવાહી કરી છે. FASSAIએ 100 ટકા કુદરતી ઓર્ગેનિક ઉત્પાદનના દાવાઓને ગેરમાર્ગે દોરવા બદલ ડાબરના ઘણા ઉત્પાદનો પર પ્રતિબંધ મુક્યો છે.

FASSAIએ ડાબર ઈન્ડિયાના અનેક ખાદ્ય ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપ્યો છે. નિયમનકારે જણાવ્યં છે કે, કંપની તેના ઘણા ઉત્પાદનો પર 100 ટકા કુદરતી, 100 ટકા શુદ્ધ અને 100 ટકા ઓર્ગેનિક જેવા દાવા કરી રહી હતી, જે નિયમો સાથે અસંગત હોવાનું જાણવા મળ્યું હતું. FASSAIએ કંપનીને આવા તમામ ઉત્પાદનોનું વેચાણ તાત્કાલિક બંધ કરવાનો અને 15 દિવસની અંદર લેવામાં આવેલી કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અપાતું ધિરાણ બે વર્ષમાં બમણું

**વાર્ષિક** ધોરણે ધિરાણ 49 ટકા વધી રૂ. 53,859 કરોડ

મુંબઈ તા. 4 : છેલ્લા બે વર્ષમાં ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને આપતી બેંક લોન બમણી થઈ હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના આંકડા દર્શાવે છે. જૂનના અંતમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ, આઈટી સેવાઓ અને ડિજિટલ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ માટે લોન વાર્ષિક ધોરણે 49 ટકા વધીને રૂ. 53,859 કરોડ થઈ ગઈ છે.

ધિરાણમાં જોવાયેલી આ વૃદ્ધિ ડેટા સેન્ટર્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ અને સાયબર સિક્યોરિટીમાં વિશેષ રોકાણ દર્શાવે છે. આ ધિરાણ આઈટી કંપનીઓમાં આવેલ બદલાવ દર્શાવે છે જે પહેલા આવી સગવડ સ્થાપવા માટે તેમના આંતરિક રોકડ અનામત પર નિર્ભર રહેતા હતા.

સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્રે વધતું રોકાણ ફોર્ચ્યુન 500 કંપનીઓ માટે ડેટા સેન્ટરો અને ઈનહાઉસ ક્ષમતા સુવિધાઓ માટે ભારતનો વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યો હોવાનું દર્શાવે છે. આ ક્ષેત્રની લોન બે વર્ષ પહેલાં નોંધાયેલા રૂ. 26,667 કરોડના સ્તરથી અસરકારક રીતે બમણી થઈ ગઈ છે. આ વલણ ભારતીય ટેકનોલોજી ઈકોસિસ્ટમ તેના વિકાસને કેવી રીતે ભંડોળ પૂરું પાડે છે તેમાં નોંધપાત્ર પરિવર્તન તરફ પણ નિર્દેશ કરે છે.

લોનમાં વધારો મોટાભાગે દેશભરમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ સાથે જોડાયેલો છે. કંપનીઓ ડેટા સેન્ટરોના નિર્માણ અને સંચાલન માટે ભંડોળ મેળવવા માટે વધુને વધુ મૂડી શોધી રહી છે, જેના માટે ભૌતિક સુવિધાઓ, સર્વર્સ અને ક્લાઉડ સાધનોમાં નોંધપાત્ર પ્રારંભિક રોકાણની જરૂર પડે છે.

# ભારતમાં યુઝર્સની વય પુષ્ટિ માટેના નવા માર્ગોની ચકાસણી કરતું વોટ્સએપ

**યુઝર્સને** તેમની જન્મ તારીખ જણાવવાનું કહેવામાં આવે છે, જો કે તે ફરજિયાત નથી

**યુઝર્સની** જન્મ તારીખ ખાનગી રાખવામાં આવશે એવી વોટ્સએપે આપેલી ખાતરી

નવી દિલ્હી, તા. ૪(પીટીઆઈ): વોટ્સએપ ભારતમાં તેના વપરાશકર્તાઓ માટે તેમની ઉંમરની પુષ્ટિ કરવાની નવી પદ્ધતિઓનું પરીક્ષણ કરી રહ્યું છે, કારણ કે તે આગામી કાનૂની જરૂરિયાતો, જેમાં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટ સંબંધિત જરૂરિયાતો પણ સામેલ છે, તેનું પાલન કરવાની તૈયારી કરી રહ્યું છે, તેમ મેટા-માલિકીના આ મેસેજિંગ પ્લેટફોર્મે મંગળવારે જણાવ્યું હતું.

જો કે, કંપનીએ જણાવ્યું હતું કે આ પરીક્ષણ મરજિયાત છે અને વોટ્સએપનો ઉપયોગ ચાલુ રાખવા માટે યુઝર્સે તેમની ઉંમરની પુષ્ટિ કરવી જરૂરી નથી.

તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે યુઝર્સની ઉંમર અંગેની માહિતી ખાનગી રહેશે અને પ્લેટફોર્મ પર અન્ય લોકો સાથે શેર કરવામાં આવશે નહીં. PTI ના એક પ્રશ્નના જવાબમાં વોટ્સએપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ભારતમાં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ (DPDP) જેવા આગામી કાયદાઓનું પાલન કરવા માટે, અમે લોકો માટે તેમની ઉંમરની પુષ્ટિ કરવા માટે ગોપનીયતા-રક્ષણ રીતોનું પરીક્ષણ કરી રહ્યા છીએ. આનાથી વોટ્સએપ કેવી રીતે કામ કરે છે તેમાં અથવા તમારી અનુભૂતિમાં કોઈ ફેરફાર થતો નથી. યુઝર્સ X (અગાઉનું ટ્વિટર) પર વોટ્સએપના જન્મતારીખ ઉમેરવાના મેસેજના સ્ક્રીનશોટ શેર કરી રહ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૩૬૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૨૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ઈ-હરાજી વેચાણ નોટીસ**

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

ફોન :+ ૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯, + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭

**સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિક્યુર્ડ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

**હરાજીની તા.૦૮/૦૯/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા. ૦૫/૦૯/૨૦૨૬ અને તા.૦૭/૦૯/૨૦૨૬**

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (રૂા. લાખમાં) તા.૩૧.૦૭.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **બલેશ્વર** / **કપીલાબેન રાજુભાઈ પટેલ ૧૭.૦૭.૨૦૨૫** | **કપીલાબેન રાજુભાઈ પટેલ** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **શ્રી ક્રિષ્ણા રેસીડન્સી-૧ સ્થિત પ્લોટ નં.૯**, માપ આશરે ૧૮૪.૩૮ ચો.મીટર રોડ અને સીઓપી માપ આશરે ૧૧૧.૯૫ ચો.મી વણવહેંચાયેલ હિસ્સા સહિત કુલ માપ આશરે ૨૯૬.૩૩ ચો.મીટર જમીન બ્લોક નં./સર્વે નં. ૩૦૭ જુનો બ્લોક/સર્વે નં. ૨૬૬/પૈકી ૧ માપ હેકટર આરે ૦-૫૬- ૫૬ ચો.મી, ગામ. સંદલપોર, સબ ડિસ્ટ્રકટ. જલાલપોર, જી.નવસારી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા :**ઉત્તરે** : મિલકત નો પ્લોટ નં. ૧૦, **પૂર્વે** : મિલકત નો પ્લોટ નં. ૧૫, **દક્ષિણે** : મિલકત નો પ્લોટ નં. ૮, **પશ્ચિમે** : સોસાયટી નો આંતરીક રોડ. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૨૮.૯૧ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૮,૯૯,૮૦૦/- ૨) ૨,૮૯,૯૮૦/- ૩) ૧૦,૦૦૦/- | **સૌરવ રાજા ૮૯૮૦૦૨૬૬૧૬** |
| ૨. | **બલેશ્વર** / **ખાસીયા હરેશભાઈ આભાભાઈ ૧૨.૦૧.૨૦૨૬** | **ખાસીયા હરેશભાઈ આભાભાઈ અને અનીતાબેન હરેશભાઈ ખાસીયા** | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ **'રાહી માર્વેલ્સ વિલા' નો પ્લોટ નં.૮૯**, માપ આશરે ૫૮.૮૩ ચો.મી, સીઓપી અને રોડ રસ્તા અને કોમન ફેસીલીટીની જમીનના વણવહેંચાયેલ હિસ્સા આશરે ૩૦.૩૬ ચો.મી સહીતનું પ્લાનીંગ બિનખેતી જમીન સર્વે નં.૪૭૮/૧)૭/૧૨ મુજબ બ્લોક નં.૪૬૨/એ)સીટી સર્વે ઓફિસ-૩ સીટી સર્વે વોર્ડ. બોણંદ(એન.એ) સીટી સર્વે નં.એનએ૪૬૨/એ પોપર્ટી કાર્ડનં.૮ સીટ નં. એનએ૯૯ માપ આશરે ૧૪૫૩૩.૩૩ ચો.મી પૈકી સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા થયેલ કપાતબાદ પ્લોટ નું માપ આશરે ૬૯૧૯.૯૯ ચો.મી ગામ બોણંદ, સબ ડિસ્ટ્રીકટ.ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / સાંકેતિક | **રૂા.૨૯.૦૩ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૪,૦૯,૦૦૦/- ૨) ૨,૪૦,૯૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **સૌરવ રાજા ૮૯૮૦૦૨૬૬૧૬** |
| ૩. | **બરબોધન** / **અનીતાબાઈ અજય ભટવાળ ૦૯.૧૦.૨૦૨૫** | **અનીતાબાઈ અજય ભટવાળ** | રજીસ્ટર્ડ મોર્ગેજ ધરાવતી સ્થાયી મિલકત **'કૈલાશ રેસીડન્સી'** નો **પ્લોટ નં. ૭૪** રે. સ. નં. ૨૬૫+૨૬૬, તેનો બ્લોક નં. ૩૩૪/સી, માપ ૧૪૮૬૨ ચો.મીટર (ગામ ફોર્મ નં. ૭/૧૨) અને પ્લોટ માન્યતા પછી, પુર્નગઠન બાદ પ્લોટ એરીયા આશર માપ ૮૯૧૭.૨૦ ચો.મીટર, ગામ. દેલડવા, સબ ડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / સાંકેતિક | **રૂા.૨૪.૩૧ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૩,૬૯,૮૦૦/- ૨) ૨,૩૬,૯૮૦/- ૩) ૧૦,૦૦૦/- | **મીનાક્ષી કુમારી ૮૯૮૦૦૨૬૭૨૨** |
| ૪ | **ભેસાણ** / **યુવરાજ રતન સપકાલે ૨૧.૦૯.૨૦૨૫** | **યુવરાજ રતન સપકાલે અને જ્યોતી યુવરાજ સપકાલે** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત **'અંજની નંદન રો હાઉસ' નો પ્લોટ નં. ૧૫૭** (કેજેપી મુજબ બ્લોક નં. ૮૫/એ/૧૫૭) માપ એરીયા ૪૨.૬૭ ચો.મીટર, પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત રોડ અને સીઓપી માપ ૨૧.૧૦ ચો. મીટર, એન.એ. જમીન રે.સ નં. ૮૦ + ૮૩ પૈકી + ૮૫, બ્લોક નં. ૮૫ ગામ. કરડવા, સબ ડિસ્ટ્રીક ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૨૫.૩૯ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૬,૭૧,૦૦૦/- ૨) ૨,૬૭,૧૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **કમલેશ એસ બછાવ ૮૯૮૦૦૨૬૭૧૯** |
| ૫ | **ભેસાણ** / **નીતીન ધનજીભાઈ ઘોઘારી ૧૦.૦૯.૨૦૨૫** | **નીતીન ધનજીભાઈ ઘોઘારી** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **"ગૃહમ એકઝોટીકા" નો પ્લોટ નં. ૨૭૮** (કેજેપી મુજબ બ્લોક નં. ૨૬૬ - ૨૭૮) માપ આશરે ૬૦.૨૮ ચો. મીટર એટલે ૭૨.૧૦ ચો.વાર બરાબર( રેવન્યુ રેકોર્ડ ફોર્મ નં.૭ અને ૧૨ મુજબ માપ ૬૭.૨૧ ચો.મીટર) તેના પર ના બાંધકામ સાથે જમીન બ્લોક નં. ૨૬૬ મોજે ગામ કરમલા, તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૧૫.૪૬ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૩,૦૯,૦૦૦/- ૨) ૧,૩૦,૯૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **કમલેશ એસ બછાવ ૮૯૮૦૦૨૬૭૧૯** |
| ૬. | **ભેસ્તાન** / **મંદા સંજય પાટીલ ૧૦.૦૯.૨૦૨૫** | **મંદા સંજય પાટીલ અને સંજય દિનકર પાટીલ** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **'નીલકંઠ પાર્ક'** તરીકે જાણીતો, મંજુર પ્લાન મુજબ બી- ટાઈપ નો **પ્લોટ નં. ૩૨૮** (કેજેપી મુજબ નવો બ્લોક નં. ૧૯૬/૧૧/૩૨૮) માપ ૩૧.૪૮૩૬ ફુટ એટલે ૧૨૫.૯૩ ચો.વાર એટલે ૧૦૫.૩૦ ચો.મીટર રોડ અને સીઓપી, ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા માપ ૫૪.૨૬ ચો.મીટર સહિત જમીન રેવન્યુ સર્વે નં. ૧૮૧/૨/૮, ૧૭૯/૩+૧૮૧/૧, ૧૮૧/૨/એ અને ૧૮૦/૩, રેવન્યુ બ્લોક નં. ૧૯૬/બી માપ ૩૦૯૫૪.૦૫ ચો.મી મોજે ગામ. સણીયા કણડે, સબડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / સાંકેતિક | **રૂા.૩૨.૬૬ + અન્ય ચાર્જીસ** | ૧) ૫૧,૬૬,૦૦૦/- ૨) ૫,૧૬,૬૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **ચેતન પ્રકાશ મીના ૮૯૮૦૦૨૧૦૬૩** |
| ૭. | **ભુલકા ભવન** / **દક્ષાબેન સુનીલભાઈ વસાવા ૨૯.૦૭.૨૦૨૫** | **દક્ષાબેન સુનીલભાઈ વસાવા** | તમામ હક, હિત, સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે **'સત્યમ'**, **'શીવમ અને સુંદરમ'** બિલ્ડીંગ માં થી **'શીવમ'** તરીકે ઓળખાતી બિલ્ડીંગ ના ૨જા માળ નો ફલેટ નં.૨૦૬ સુપર બિલ્ટઅપ એરીયા માપ આશરે ૫૬૩.૦૦ ચો.ફુટ, અને બિલ્ટઅપ એરીયા માપ ૩૧.૩૯ ચો.મીટર, પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત જે જમીન ઉપર થયેલ બિલ્ડીંગ ના બાંધકામ નો સીટી સર્વે નોંધ નં. ૧૭૪૩/૧૫ થી ૧૭૪૩/૧૮, ૧૮૧૦/બી અને ૧૬૭૬, કુલ માપ ૭૧૭.૭૫૩ ચો.મીટર વોર્ડ નં. ૨, સગરામપુરા, ઝંડા શેરી એરીયા, સુરત, સબ ડિસ્ટ્રીકટ.સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે. | ફલેટ / સાંકેતિક | **રૂા.૧૨.૬૧ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૩,૬૮,૦૦૦/- ૨) ૧,૩૬,૮૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **સુકેશ શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૧** |
| ૮ | **હની પાર્ક** / **વિજય યાદવ ૧૨.૦૩.૨૦૨૬** | **વિજય યાદવ** | તમામ હક, હિત અને સંબધ ધરાવતી સ્થાયી મિલકત કે જે '**આરાધના પ્લેટીનીયમ વિભાગ-૨' નો પ્લોટ નં. ૧૪૬** (કેજેપી પછી બ્લોક નં. ૪૬૩/૧૪૬, માપ ૫૬.૫૮ ચો.મી.) માપ એરીયા ૫૯.૩૬ ચો.મી એટલે બરાબર ૭૧.૦૦ ચો.વાર વણવહેંચાયેલ માપ ૩૬.૫૧ ચો.મી કોમન રોડ અને સીઓપી ના સોસાયટી જમીનના હિસ્સા સાથે બ્લોક નં. ૪૬૩, રેવન્યુ સર્વે નં. ૪૭૧ મોજે. ગામ. ઉમરખ, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / સાંકેતિક | **રૂા.૧૧.૧૪ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૦,૬૨,૦૦૦/- ૨) ૧,૦૬,૨૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫** |
| ૯ | **માસમા** / **કાનાની હસમુખભાઈ અમરશીભાઈ ૨૭.૦૬.૨૦૨૫** | **કાનાની હસમુખભાઈ અમરશીભાઈ અને કાનાની લક્ષ્મીબેન હસમુખભાઈ** | તમામ હક, હિત અને સંબધ ધરાવતી સ્થાયી મિલકત **'શ્રી સાંઈ વિલા રેસીડન્સી' નો પ્લોટ નં. ૧૫૧** એરીયા માપ ૭૪.૩૫ ચો.મી વણવહેંચાયેલ હિસ્સા માપ ૪૮.૧૨ ચો. મીટર, કોમન રોડ અને સી.ઓ.પી.(મંજુર ૧૨૨.૪૭ ચો.મીટર) સાથે, જમીનનો બ્લોક નં. ૧૫૯, રેવન્યુ સર્વે નં. ૧૭૮ પૈકી ૧૮૧/૧ અને ૧૮૨/૨, મોજે ગામ. ઈશનપોર, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / પ્રત્યક્ષ | **રૂા.૧૮.૪૧ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૭,૨૯,૦૦૦/- ૨) ૧,૭૨,૯૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **અર્ચીતા ૮૯૮૦૦૨૬૬૫૫** |
| ૧૦ | **નાનપુરા** / **સંદીપ ભરતભાઈ દેસાઈ ૦૬.૦૮.૨૦૨૫** | **વૈભવી સંદીપ દેસાઈ અને સંદીપ ભરતભાઈ દેસાઈ** | તમામ હકક હિત સબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે **સુમન સાગર કોલોની** અથવા સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન નો **ફલેટ નં. એલ આઈ જી-૧/ એમ -૫૦૩**, બિલ્ટઅપ એરીયા માપ ૪૧.૦૫૦ ચો.મી. અને કાર્પેટ એરીયા માપ ૩૪.૧૬૦ ચો.મી. ભોયતળીયા ની જમીન લિસ્ટ હોલ્ડ હક સાથે જમીન ટી.પી સ્કીમ નં. ૭(વેસુ) એફ પી નં. ૧૩, મોજે વેસુ સુરત શહેર જીલ્લા સુરત ખાતે આવેલ છે. | ફલેટ / સાંકેતિક | **રૂા.૫.૧૦ + અન્ય ચાર્જીસ** | ૧) ૧૧,૫૨,૦૦૦/- ૨) ૧,૧૫,૨૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **વીરા કુમાર ૮૯૮૦૦૨૬૬૬૦** |
| ૧૧ | **નાનપુરા** / **અંબાદાસ મોરે ૦૬.૦૮.૨૦૨૫** | **રેખાબેન મોરે અને અંબાદાસ મોરે** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **અંજની નંદન હાઉસ નો પ્લોટ નં. ૩૫** (કે જે પી બાદ બ્લોક નં. એન ઈ - ૮૫/એ/૩૫) માપ ૪૨.૬૭ ચો.મી.,સીઓપી અને રોડ ની જમીન ના વણવહેંચાયેલ ૨૧.૧૦ ચો.મી. હિસ્સા સહિત બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૮૦-૮૩ પૈકી + ૮૫, બ્લોક નં. ૮૫, મોજે કરડવા, સબડિસ્ટ્રીક ચોર્યાસી, સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ / સાંકેતિક | **રૂા.૨૩.૮૬ + અન્ય ચાર્જીસ** | ૧) ૨૨,૪૩,૦૦૦/- ૨) ૨,૨૪,૩૦૦/- ૩) ૧૦,૦૦૦/- | **વીરા કુમાર ૮૯૮૦૦૨૬૬૬૦** |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૩૦ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ**

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ.

સંભવિત બિડરો અધિકૃત અધિકારી **ફોન :+ ૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯ ,+ ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭** નો સંપર્ક કરે.

**(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)**

SCAN HERE For detailed Terms & Conditions

**તા.૦૫.૦૮.૨૦૨૬ | સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**